પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૪ | ૧૫ એપ્રિલ, ૨૦૧૭, શનિવાર ; ચૈત્ર વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# અફઘાનમાં આઈએસના અડ્ડાઓ ફૂંકી મરાયા

**મધર ઓફ ઓલ બોમ્બથી અમેરિકાના હુમલામાં ૪૦થી વધુ આતંકવાદીઓના મોત : જીપીએસ નિર્દેશિત એમઓએબી અમેરિકાના સૌથી શક્તિશાળી બિનપરમાણુ બોમ્બ છે : ૨૦૦૩ બાદ પ્રથમવાર અમેરિકા દ્વારા ઉપયોગ કરવામાં આવ્યો**






વોશિગ્ટન,તા. ૧૪

અમેરિકી સેનાએ ભીષણ લડાઈ માટે રાખવામાં આવેલા પોતાના હજુ સુધીના સૌથી મોટા બિન પરમાણુ બોમ્બ પાકિસ્તાની સરહદ નજીક પૂર્વીય અફઘાનિસ્તાનમાં ઝીંકીને વિશ્વમાં ખળભળાટ મચાવી દીધો છે. વિશ્વના અનેક દેશોમાં ભીષણ ત્રાસવાદી હુમલા કરી ચુકેલા ઈસ્લામિક સ્ટેટના ત્રાસવાદીઓની સુરંગ પર ગુરૂવારે આ બોમ્બ ઝીંકવામાં આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## MOAB બ્લાસ્ટ ૧૧ ટીએનટી બોમ્બ બ્લાસ્ટ બરોબર હોય છે

**જાપાનના હીરોશીમા ઉપર ઝીંકવામાં આવેલા બોમ્બ કરતા પણ એમઓએબી બોમ્બનું વજન વધારે છે : પરમાણુ બોમ્બ નહીં હોવા છતાં તબાહીમાં સક્ષમ**




વોશિગ્ટન,તા. ૧૪

અમેરિકાએ અફઘાનિસ્તાનમાં નંગરહાર પ્રાંતમાં આઈએસના અડ્ડા ઉપર જીબીયુ-૪૩/બી મેસીવ ઓર્ડીનન્સ એર બ્લાસ્ટ (એમઓએબી) નામનો બોમ્બ ઝીંકીને ખળભળાટ મચાવી દીધો છે. આ બોમ્બને મધર ઓફ ઓલ બોમ્બ તરીકે ગણવામાં આવે છે. આ બોમ્બનો ઉપયોગ કરવા માટે પણ ઘણી સાવધાની રાખવી પડે છે. હકીકતમાં એઓએબીને દુશ્મનોમાં મનોવૈજ્ઞાનિક ભય પેદા કરવાના ઈરાદાથી તૈયાર કરવામાં આવે છે. અલબત્ત ગુરૂવારના દિવસે અફઘાનિસ્તાન ઉપર ઝીંકતા પહેલા આ બોમ્બનો ઉપયોગ કોઈ જગ્યાએ કરવામાં આવ્યો ન હતો. અફઘાનિસ્તાનમાં

● અનુસંધાન પાન-૭ પર

## યુપીમાં મહાપુરૂષોના નામ પર મળતી રજા બંધ કરાશે

લખનૌ,તા. ૧૪

ઉત્તરપ્રદેશમાં મહાપુરૂષોની જયંતિ અને પૂણ્યતિથિઓના નામ ઉપર રજાઓની લાંબી યાદી પર યોગી આદિત્યનાથની સરકાર કાતર ફેરવવાની તૈયારીમાં છે. મહાપુરૂષોના નામ પર મળનાર રજાઓને બંધ કરવામાં આવશે. યોગી આદિત્યનાથે આ અંગેની જાહેરાત આજે કરી હતી. બાબા સાહેબ આંબેડકરની જયંતિના પ્રસંગે આયોજિત આંબેડકર મહાસભાના કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ કહ્યું હતું કે મહાપુરૂષોના નામ પર રજાઓની પરંપરાને બંધ કરવામાં આવશે. અમે જાણીએ છીએ કે કેટલાક લોકોને આ નિર્ણયથી તકલીફ થશે પરંતુ આ કામ કરવામાં આવે તે જરૂરી છે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે દરેક મહાન પુરૂષના નામ ઉપર રજાની પરંપરા ચાલી રહી છે. ગામડાઓમાં બાળકોને પૂછવામાં આવે તો તેમને પણ ખબર હોતી નથી કે આજે સ્કુલ બંધ કેમ છે. મહાપુરૂષોની જયંતિ અને

● અનુસંધાન પાન-૭ પર

## ભુવનેશ્વરમાં આજથી ભાજપ કારોબારી

**જનતા મેદાન ખાતે યોજાનારી ભાજપ કારોબારીની બેઠકમાં જુદા જુદા પાસા ઉપર ચર્ચા થશે : પાર્ટીની સ્થિતિ મજબૂત કરવાના પ્રયાસો**

ભુવનેશ્વર,તા. ૧૪

ભાજપની બે દિવસની રાષ્ટ્રીય કારોબારીની બેઠક આવતીકાલથી ઓરિસ્સાના પાટનગર ભુવનેશ્વર ખાતે શરૂ થઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિતના તમામ વરિષ્ઠ નેતાઓ તથા ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ આ કારોબારીમાં ભાગ લેનાર છે. જેના પરિણામ સ્વરૂપે તમામ રાજકીય ગતિવિધિ હવે ઓરિસ્સાથી બે દિવસ આગળ વધશે. વડાપ્રધાન મોદીની બે દિવસની યાત્રા પહેલા સમગ્ર ભુવનેશ્વરને કિલ્લામાં ફેરવી નાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ચારેબાજુ સુરક્ષા વ્યવસ્થા અભૂતપૂર્વ બનાવી દેવામાં આવી છે. પોલીસ માટે પડકારરૂપ સમય છે. પાર્ટીની રાષ્ટ્રીય કારોબારીની બેઠક જનતા મેદાન ખાતે શરૂ થઈ રહી છે. જેમાં વડાપ્રધાન મોદી ઉપરાંત ૧૩ રાજ્યોના મુખ્યમંત્રીઓ અને ૧૦૦થી વધુ ભાજપના વરિષ્ઠ નેતાઓ આમાં ભાગ લેનાર છે. ભાજપની કારોબારીની બેઠકને લઈને તમામ તૈયારીઓ ભાજપના કાર્યકરો દ્વારા પણ કરી લેવામાં આવી છે. રથયાત્રાની તૈયારી જે રીતે પુરીમાં જે રીતે કરવામાં આવે છે તેવી જ રીતે અહીં કરવામાં આવી છે. રથયાત્રા દરમિયાન પુરીમાં આશરે ચાર હજાર પોલીસ જવાનો ગોઠવવામાં આવે છે. ૧૫ અને ૧૬મી એપ્રિલના દિવસે સુરક્ષા અને ટ્રાફિકના ભાગરૂપે ત્રણ હજાર જવાનો ગોઠવી દેવામાં આવ્યા છે.

## ભીમ-આધાર-પે એપ મોદી દ્વારા નાગપુરમાં લોન્ચ કરાઈ

**ભીમ એપ રેફર કરવા પર ૧૦ રૂપિયાનું ઈનામ : ભીમથી લેવડદેવડ કરનાર વેપારીઓને ૨૫ રૂપિયા મળશે ૧૪મી ઓકટોબર સુધી ભીમ આધાર સ્કીમ ચાલુ રહેશે**

નાગપુર,તા. ૧૪




વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ભીમ-આધાર ડિઝીટલ પેમેન્ટ પ્લેટફોર્મની વિધિવત રીતે શરૂઆત કરી હતી. ભીમ-આધાર પે એપ લોન્ચ કરતી વેળા વડાપ્રધાને ઉપસ્થિત લોકોને સંબોધન કરતા કહ્યું હતું કે ડીજી ધન આવનાર સમયમાં અંગત ધન તરીકે સાબિત થશે અને ક્રાંતિ લાવશે. ડીજી ધન મેળામાં સામેલ થવા મોદીએ ઉપસ્થિતિ લોકોને આમંત્રણ આપ્યું હતું. ભીમ એપ પર આધાર સેવાને નાગપુરમાં લોન્ચ કરતા મોદીએ કહ્યું હતું કે એક સમય એવો હતો જ્યારે લોકો અંગુઠાના નિશાનને અનપઢ હોવા સાથે જોડતા હતા પરંતુ ટેકનોલોજીના આ યુગમાં અંગુઠાની તાકાત આજે સૌથી વધારે મજબૂત બની ગઈ છે. લોકો પોતાના ફોન ઉપર અંગુઠાનો ઉપયોગ જ કરે છે જે કેશલેસ ઈકોનોમી માટે મોટી બાબત છે. આ પ્રસંગે મોદીએ કોઈ યુઝર તરફથી અન્ય કોઈ વ્યક્તિને ભીમ એપ

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### ૧૧૦ કરોડ દર્શકોએ જોઈ ભારત-ઓસ્ટ્રેલિયા ટેસ્ટ સીરિઝ



બ્રોડકાસ્ટ કંપની સ્ટાર સ્પોર્ટસે દાવો કર્યો હતો કે થોડાં સમય અગાઉ યોજાયેલી ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચેની ૪ મેચોની ટેસ્ટ સીરિઝને રેકોર્ડ બ્રેક દર્શકોએ જોઈ હતી. તેને ૧૧૦ કરોડ વ્યૂઅરશિપ મળી હતી જે એક રેકોર્ડ છે.

### ઈન્સ્ટા ગ્રામ પર પીએમ મોદી ટ્રમ્પથી આગળ



ફોટો શેરીંગ એપ ઈન્સ્ટાગ્રામ પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કિંગ બની ગયા છે. તેઓ સોશિયલ મીડિયા ઈન્સ્ટાગ્રામ પર સૌથી વધુ ફેપ્લો થનારા નેતા બન્યા છે. ટ્રમ્પ બીજા ક્રમે છે.

### દેશના ૫૦ હજાર ગામોમાં મોબાઈલ નેટવર્ક નથી

કમ્યુનિકેશન મિનિસ્ટર મનોજ



સિન્હાએ જણાવ્યું હતું કે દેશના લગભગ ૫૦,૦૦૦ ગામ એવા છે જ્યાં હજુ સુધી મોબાઈલ નેટવર્ક નથી પહોંચ્યુ. નકસલ પ્રભાવિત રાજ્યો પૂર્વોતર, અંદમાન નિકોબાર જેવા ઘણા સ્થળોએ નેટવર્ક નથી.

## ભાજપ સામે વિપક્ષી મોરચામાં જોડાવા માયાવતી તૈયાર

લખનૌ,તા. ૧૪

બહુજન સમાજ પાર્ટીના નેતા માયાવતીએ ભાજપના વિજય રથને રોકવા માટે હવે હળવુ વલણ અપનાવવાનો સંકેત આપ્યો છે. ભાજપની વધતી જતી લોકપ્રિયતાથી માયાવતી હચમચી ઉઠ્યા છે અને હવે માયાવતીએ કહ્યું છે કે ભાજપને રોકવા માટે ભાજપ વિરોધી દળો સાથે હાથ મિલાવવા માટે તેઓ તૈયાર છે. ડૉ.આંબેડકરની ૧૨૬મી જન્મ જંયતિના પ્રસંગે આયોજિત એક કાર્યક્રમમાં બોલતા માયાવતીએ કહ્યું હતું કે ભાજપ અને ઈવીએમ સાથે ચેડાંની સામે સંઘર્ષ કરવા માટે બહુજન સમાજ પાર્ટીને ભાજપ વિરોધી પાર્ટી પાસેથી મદદ લેવામાં કોઈ વાંધો દેખાઈ રહ્યો નથી.

## કુલભૂષણને મળવાની માંગ પાકિસ્તાને ફરી વખત ફગાવી

નવી દિલ્હી,તા. ૧૪

પાકિસ્તાનની જેલમાં રહેલા ભારતીય નાગરિક કુળભૂષણ જાદવના મામલામાં ભારતે પાકિસ્તાન પાસેથી કેસની ચાર્જશીટ અને નિર્ણયની નકલ માંગી છે. પાકિસ્તાને ભારતને કુલભૂષણ જાદવને મળવાની મંજુરી આપવાનો ઈનકાર કરી દીધો છે. ભારતે પાકિસ્તાનને આ સંદર્ભમાં કુલ ૧૩ વખત જાણ કરી હતી અને કુલભૂષણને મળવાની ઈચ્છા વ્યક્ત કરી હતી પરંતુ પાકિસ્તાને મંજુરી આપી નથી.







